# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારા ટામેટા અને સીતાફળનું મૂલ્યવર્ધન વિષય ઉપર કેન્દ્રિય તાલીમ વર્ગ યોજાયો

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારાં આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર યોજના અંતર્ગત  તારીખ **૨૪/૧૦/૨૦૨૪ના** રોજ **ટામેટા અને સીતાફળનું મૂલ્યવર્ધન** વિષય ઉપર કેન્દ્રીય તાલીમ વર્ગ યોજાયો. આ તાલીમ વર્ગમાં તાલીમની શરૂઆતમાં કેન્દ્રનાં વડા **ડૉ. વાય. બી. ચૌહાણ** દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી કેન્દ્રની સંશોધન તેમજ વિસ્તરણની વિવિધ પ્રવૃતિઓ વિશે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યાં તેમજ ટામેટા અને સીતાફળનું મૂલ્યવર્ધન અને પોષણક્ષમ બનાવટો વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી. કાર્યક્રમની રૂપરેખા મુજબ **શ્રીમતી ભાવિકા રબારી**  દ્વારા **ટામેટા અને સીતાફળની પોષણક્ષમ બનાવટો જેવીકે સીતાફળની બાસુદી અને ટમેટો કેચપ** પ્રાયોગિક રૂપે બનાવી વિસ્તૃતમાં સમજણ આપી હતી. આ સમગ્ર પ્રોગ્રામનું સંકલન **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા કરવામાં આવેલ જે થકી ગામ લવારિયા, તા. દેવગઢ બારિયાની કુલ ૪૦ મહિલાઓ ઉત્સાહભેર ભાગ લીધો હતો .







